# ફોજદારી કેસ નં.૧૨૭૬૮૯/૨૦૨૫ ના કામે ચાર્જશીટ હેઠળ હુકમ

---

**શ્રી સરકાર વિ. હિમાંસુ લાલજીભાઈ ગાબાણી**

---

આ કામના આરોપી સામે **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ચાર્જશીટ રજુ થયા બાદ, પોલીસ પેપર્સનાં કાગળો ધ્યાને લેતાં, આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ – ૮૫(૧) મુજબનો ગુનો બનતો ન હોય, પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧) ના તહોમતમાંથી આરોપીને બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરેલ અને આરોપી સામે બાકીના ગુના સબબ ધોરણસરની કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરેલ. ત્યાર બાદ બાકીના ગુના સબબ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે. વિશેષમાં આરોપી તરફે રજુઆત છે કે, ગુના બાબતે અજાણ અને અજ્ઞાન હોય પ્રથમ વખત ગુનો બનેલ છે. તેમની પ્રથમવારની ભુલ છે. ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહી. ગુના બદલ પ્રાયશ્ચિત કરે છે. ગરીબ ઈસમ છે અને કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી તેમના શિરે હોઈ, હવે પછી આવો કોઈ ગુનો નહિ કરે તેવુ જણાવી, દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપીને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઈ મુજબ મહતમ સજા થઈ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબૂલ મંજુર રાખેલ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેવામા આવે તો આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી સામે કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યકત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય,આરોપી પર તેના કુટુંબની જવાબદારી છે તેમ જણાવતા હોય, આ સંજોગોમાં આરોપીની ઉંમર, તેની ઉપર રહેલ આર્થિક તેમજ કૌટુંબિક જવાબદારી, આરોપી સામે કોઈ ગુનાહીત ઈતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરખચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. પેઈજ નં.૭૦૯ વાળા કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે, તેવુ આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**–::– આખરી હુકમ –::–**

**૧)** આ કામના આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–**૬૬(૧)(બી)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ **રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ભરવો અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩.૦૯.૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩.૦૯.૨૦૨૫
વડોદરા.

**(સૌમ્યા રાય)**
બીજા એડી જયુડી. મેજી.ફ.ક.,વડોદરા.
જજ કોડ – જીજે ૦૧૬૩૦